# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફિઓ, SBI તથા DGFT ના સંયુકત ઉપક્રમે નિકાસકારો માટે અવરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ઈન્ડીયન એક્ષાપોર્ટ ઓર્ગેનાઈઝેશન, અમદાવાદ DGFT રાજકોટ તથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના સંયુકત ઉપક્રમે તા.૨૧-૧૨-૨૦૨૩ ના રોજ હોટલ ફર્ન રેસીડેન્સી, કુવાડવા રોડ, રાજકોટ ખાતે નિકાસકારો માટે અવરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ જેમા નવી ફોરેન ટ્રેડ પોલીસી, કમ્પ્લાયન્સીસ અને એક્ષાપોર્ટ ફાઈનાન્સ અંગે માહિતી આપવામાં આવેલ.

પ્રોગ્રામના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફિઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સ્વાગત પ્રવચન આપી સૌને આવકારતા જણાવેલ કે નવી ફોરેન ટ્રેડ પોલીસીમાં ઘણા બધા ફેરફારો થયેલા છે. જેનાથી ઘણા નિકાસકારો અજાણ છે તો તેની સંપૂર્ણ માહિતી મળી રહે તેમજ તેઓના નિકાસમાં વધુ ને વધુ વૃદ્ધિ થાય તે માટે અમો હંમેશા સહકાર આપવા તત્પર છીએ. હાલ ડિઝીટીલાઈઝેશન ખૂબ જ ઝડપથી વધી રહયું છે ત્યારે કોઈપણ પ્રશ્નો કે સુચનો હોયતો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા જેથી તેનું યોગ્ય નિરાકરણ લાવી શકાય.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવેલ કે દેશના અર્થતંત્રને મજબુત બનાવવા માટે નિકાસનો મહત્વનો સિંહફાળો રહયો છે. તેમજ ગુજરાત રાજય અગ્રેસર રહયું છે. સરકાર આયાત ઘટાડીને નિકાસ વધુને વધુ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ સેકટરને લગતા સેમીનારો યોજવામાં આવે છે જેનાથી સરકારશ્રીની નવી પોલીસીઓ અને નિતી નિયમોની સંપૂર્ણ જાણકારી મળી રહે. સાથો સાથ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વિઝનને સાર્થક કરવામાં સૌ સહભાગી બનીએ અને રાષ્ટ્રીય તથા આંતરાષ્ટ્રીય સ્તરે પોતાનું માર્કેટ વધુને વધુ મજબુત બનાવી ધંધાને વિકસીત બનાવવા અવરનેશ ખૂબ જ જરૂરી છે ત્યારે આ શુભ આશય સાથે આ પ્રોગ્રામ આપ સૌને ખૂબ જ ઉપયોગી બની રહેશે.

ત્યારબાદ SBI ના DGM શ્રી આશુતોષ શર્માએ જણાવેલ કે SBI હર હંમેશ નિકાસકારો -

SME યુનીટોને સહકાર આપી રહયું છે. તેમજ SBI ની બે સ્પેશ્યલ SME બ્રાન્ચ પણ કાર્યરત છે. જેમા ઘણી બધી સ્પેશયલ સ્કીમો અમલમાં છે. તેમજ અલગ અલગ કલસ્ટરોને ફાઈનાન્સ કરે છે. અને તેઓ માટે પેકેજો પણ અમલમાં છે. ફોરેન ટ્રેડ માટે પણ અમે પુરો સહયોગ આપીએ છીએ. જેથી કોઈપણ નિકાસકારોને અમારા સહયોગની જરૂરીયાત પડે તો સંપર્ક કરવા અનુરોધ કરેલ.

ત્યારબાદ રાજકોટ જોઈન્ટ DGFT શ્રી રોહિત સોનીએ જણાવેલ કે ફોરેન ટ્રેડ પોલીસીમાં ઘણા ફાયદાઓ છે અને તમામ પ્રક્રિયાઓ ઓનલાઈન થઈ ગયેલ છે. તેમજ ટ્રેડ ફાઈનાન્સ અને લોÒસ્ટીકમાં થોડી મુશ્કેલીઓ પડી રહી છે તો તેનું નિરાકરણ કેવી રીતે થઈ શકે તેની જાણકારી આજના પ્રોગ્રામમાં મળી રહેશે. જેથી કરીને બિલ ડીસ્કાઉન્ટીંગ, પ્રીશીપમેન્ટ, લોન કેવી રીતે મળી શકે વગેરે બાબતોમાં સહાયરૂપ થશે. તેમજ મનાત ઓફિસ પણ સંપૂર્ણ સહયોગ આપવા તત્પર રહેશે.

પ્રોગ્રામના મુખ્ય વકતાશ્રી મિહીરભાઈ શાહએ નવી ફોરેન ટ્રેડ પોલીસીઓમાં જે જે ફેરફારો આવ્યા છે તેની જાણકારી આપતા જણાવેલ કે આ પોલીસી ૧લી અપ્રિલ ૨૦૨૩ માં અમલમાં મુકાયેલ. જેમા ટોટલ ૧૧ ચેપ્ટરનો સમાવેશ થાય છે. આમા ૩ નવા ચેપ્ટરો ઉમેરવામાં આવ્યા છે. જેમ કે Developing District as Export Hubs, Promoting Cross Border Trade in Digital Economy, Special Chemicals, Organisms, Materials, Equipment and Technologies. તેમજ IEC સર્ટિફિકેશન દર નાણાકીય વર્ષે અપડેટ કરવાનું રહેશે. Online e-registration cum membership certificate, Status Holder certification/categories, advance authorisation, RoDTEP, EPCG, online certificate of origin, Amnesty scheme, E-BRC, Ice-gate portal registration, Interest Equalisation Scheme on pre and post shipment rupees export credit વગેરે મુદાઓ પર વિસ્તૃત માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી.

ત્યારબાદ અમદાવાદ SBI ટ્રેઝરી હેડ – AGM શ્રી સુનિલ યાદવ દ્વારા Export Finance અંગે માહિતી આપેલ. જેમા Exchange Rate Mechanism, Hedging why & who, Basics

of Forward Contract, Hedging Exchange Risk Through Options, Basic options terminology, Export credit-Pre & post shipment, foreign trade mechanism, Foreign currency loan, agri enterprise loan, Rate of Interest, વગેરે મુદાઓ પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપવામાં આવેલ.

પ્રોગ્રામના અંતે ઉપસ્થીત મહાનુભાવો - નિકાસકારોનો આભાર વ્યકત તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફિઓ, ગુજરાત વેસ્ટર્ન રીઠેઓનના હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ.